જા.નં. મા-૨/ચુટણી/૨૦૨૧/ 1682

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ, સુરત
તા.૦૮/૦૨/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા શાળાઓ
સુરત શહેરની બિનસરકારી ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તરફ

**વિષય**:- સ્થાનિક સ્વરાજય ચૂંટણી-૨૦૨૦ મતદાર જાગૃતિ અભિયાન અંગેની પ્રવૃતિ બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું ક, સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી-૨૦૨૦માં મતદારોને પ્રોત્સાહિત/પ્રશિક્ષિત કતવા અને મતદારો મતદાન કરવા પ્રેરાય અને કાયદા/નિયમોની જોગવાઇઓ સાથે ચૂંટણી પ્રકિયા અંગે સમજણ મેળવે તે હેતુથી સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી-૨૦૨૦ માં "મતદાર જાગૃતિ અભિયાન" 'State Voters' Awareness Programme (SVAP) હાથ ધરવાનુ રહે છે.

**<u>COVID-19 અંતર્ગત ખાસ સૂચના:</u>**

- પ્રવર્તમાન સમયમાં પેન્ડેમિકની પરિસ્થિતિમાં પ્રવતિંત સંજોગોને ધ્યાનમાં લઇ લોકો સમૂહમાં એકઠા ન થાય અને સોશિયલ ડીસ્ટનીગ જળવાય તે કાર્યક્રમ યોજવાના રહેશે.
- સદર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર તમામએ માસ્ક અવશ્ય પહેરવાનું રહેશે. તથા શકય હોય ત્યાં સુધી સેનેટાઇઝર સાથે રાકી તેનો સમયાંતરે ઉપયોગ કરવાનો રહેશે.
- સોશીયલ ડીસ્ટન્સ ફરજિયાત પણે જાળવવાનું રહેશે.
- ભારત સરકાર અને રાજય સરકારશ્રીની કોરોના મહામારી સંદર્ભેની તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. અને તે સૂચનાઓનું ઉલ્લંઘન થશે. તેવા કિસ્સામાં સબંધિત સામે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ હેઠળ જવાબદારી નકકી કરી તેઓ સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામને કાણ કરવાનું રાખશો.

- આ સમગ્ર 'SVAP મતદાર જાગૃતિ અભિયાન' કાર્યક્રમની પ્રવૃતિઓ માટે તાલુકા કક્ષાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, SVS કન્વીનરશ્રીઓ તેમજ બી.આર.સી.કો.ઓર્ડીનેટરશ્રી ના સંકલનમાં રહીને પ્રવૃતિ કરાવવાની રહેશે.
- આ સાથે સામેલ આયોજન મુજબની પ્રવૃતિ કરાવી દરેક તાલુકામાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આપના દ્વારા કરવામાં આવેલ પ્રવૃતિઓનો સમગ્ર અહેવાલનું યોગ્ય ડોકયુમેન્ટેશાન કરવાનું રહેશે તેમજ દરરોજની પ્રવૃતિઓના ફોટોગ્રાફસ પણ ગ્રુપમાં મુકવાના રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિલ્લો.સુરત

<u>સવિનય નકલ રવાના:-</u>

(૧) માન.કલેકટર સા.શ્રી.સુરત
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સુરત (C.R.C / B.R.C ને જાણ કરવા સારું.
(૩) શાસનાધિકારીશ્રી, ન.પ્રા.શિ.સ, સુરત
(૪) મામલતદારશ્રી તમામ તરફ જાણ સારું.

<u>નકલ રવાના:-</u>

E, I / A,E,I તમામ જાણ તથા અમલ સારું.

# STATE VOTER'S AWARNESS PROGRAMME-2021

" સ્વીપ અંતર્ગત કરવાની પ્રવૃતિઓનું આયોજન"

| ક્રમ | SVAP'પ્રવૃતિ નામ | તારીખ | આયોજન ટુંકી વિગત. |
|---|---|---|---|
| ૧ | પ્રભાત ફેરી | ૧૩/૦૨/૨૦૨૧ | ધોરણ ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓ |
| ૨ | દરેક શિક્ષક કર્મચારી દ્વારા ૦૫ પોસ્ટકાર્ડ લખી મતદાર અવશ્ય કરવા બાબતે જણાવવું | ૧૫/૦૨/૨૦૨૧ થી ૨૬/૦૨/૨૦૨૧ | તમામ કચેરીના સરકારી કર્મચારી/શાળાના શિક્ષકો |
| ૩ | ભીંતસૂત્રો | ૧૭/૦૨/૨૦૨૧ | ભીંતસૂત્રો લખવા |
| ૪ | સિગ્નેચર કેમ્પેઇન | ૧૯/૦૨/૨૦૨૧ | જાહેર સ્થળો પર । હું અવશ્ય મતદાર કરીશ'તે બાબતે અભિયાન કરવું. |
| ૫ | શપથ પત્ર ભરાવવા | ૧૫/૦૨/૨૦૨૧ થી ૨૬/૦૨/૨૦૨૧ | દરેક માધ્યમિક શાળાના વિદ્યાર્થી મારફતે પોતાના વાલીઓ પાસે શપથ પત્ર ભરાવવા |
| ૬ | મહેંદી સ્પર્ધા | ૨૨/૦૨/૨૦૨૧ | દરેક આંગણવાડી ખાતે આશાવકર્સની મદદથી આયોજન કરવું |